# મહાબલેશ્વરમાં પ્રવાસી બસ ખીણમાં પડતા ૩૩નાં મોત

**તમામ લોકો કૃષિ વિભાગની યુનિવર્સિટીના કર્મચારીઓ અને સ્ટાફના લોકો હતા : ધુમ્મસના કારણે ડ્રાયવરે કાબુ ગુમાવ્યો : બચાવ અને રાહત કામગીરી**

નવી દિલ્હી, તા.૨૮

મહારાષ્ટ્રના લોકપ્રિય પ્રવાસી સ્થળ મહાબલેશ્વરમાં એક ભીષણ બસ દુર્ઘટના થઈ છે. આ બસ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૩૩ લોકોના મોત થઈ ગયા છે. વિકેન્ડ ઉપર પીકનીક મનાવવા જઈ રહેલા વિદ્યાર્થીઓ અને સ્ટાફના લોકો ભોગ બન્યા હોવાના અહેવાલ મળ્યા છે. આ બસ પહાડી રસ્તામાં ૫૦૦ ફૂટ ઉંડી ખીણમાં ખાબકી ગઈ હતી. હચમચાવી મુકનાર આ ઘટનામાં ૩૩ લોકોના મોત ઘટના સ્થળે જ થઈ ચુક્યા છે. રાયગઢ જિલ્લામાં કલેકટર વિજય સૂર્યવંશીએ અહેવાલને સમર્થન આપતા કહ્યું છે કે પોલડપુરમાં બસ ખીણમાં ખાબકી ગઈ હતી. જેથી તેમા મુસાફરી કરી રહેલા ૩૪ પૈકીના ૩૩ લોકોના મોત થઈ ગયા છે. આ તમામ લોકો એક કૃષિ વિભાગના વિદ્યાપીઠમાં કામ કરી રહ્યા છે અને વિકેન્ડ ઉપર પિકનીક મનાવવા જઈ રહ્યા હતા. સવારે આશરે ૧૦ વાગે અમબેનલી ઘાટ પર એક પહાડી માર્ગ ઉપર બસ દુર્ઘટનાનો શિકાર થઈ હતી. ઘટનાની માહિતી મળતાની સાથે જ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમ તરત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ અને રાહત કામગીરી તરત હાથ ધરવામાં આવી હતી. ધુમ્મસના કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું મનાય છે.

# આતંકીઓ દ્વારા પુલવામામાં જવાનનું અપહરણ કરાતાં ખળભળાટ મચ્યો

**આતંકીઓએ ઓફિસરનું તેમના ઘર પાસેથી જ અપહરણ કર્યું, બેમહિનામાં ચોથી અપહરણની ઘટના**

પુલવામા,તા.૨૮

જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં આતંકીઓ દ્વારા એક પોલીસ ઓફિસરનું અપહરણ કરાયાના સમાચાર છે. સ્થાનિક સૂત્રોના મતે આતંકીઓ દ્વારા પુલવામાના ત્રાલ વિસ્તારમાં એક સ્પેશ્યલ પોલીસ ઓફિસરનું તેમના ઘર પાસેથી જ અપહરણ કરાયું છે. જો કે પોલીસ કે અન્ય સુરક્ષા એજન્સીઓએ હજુ સુધી આ સંબંધમાં કોઈપણ સત્તાવાર નિવેદન આપ્યું નથી. જો કે બે મહિનામાં આ ચોથી એવી ઘટના છે કે આતંકીઓએ પોલીસકર્મીને નિશાન બનાવ્યા હોય.

મળતી માહિતી પ્રમાણે પોલીસ ઓફિસરના અપહરણની આ ઘટના શુક્રવાર મોડી રાત્રે પુલવામાના ત્રાલ વિસ્તારમાં થઈ છે.

ત્રાલને હિઝબુલ મુઝાહિદીનનો ગઢ માનવામાં આવી રહ્યો છે અને આ પહેલાં કેટલીય વખત આતંકીઓની વિરૂદ્ધ સેના અને પોલીસ કેટલાંય મોટા અભિયાન ચલાવી ચૂકયું છે. આ ઘટનાની માહિતી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ હવે તેના સંબંધમાં બધી માહિતી એકત્ર કરવામાં લાગી ગયું છે. એસપીઓના અપહરણ પર પોલીસની તરફથી નિવેદન આપતા ડીજીપી એસપી વૈદ્યે કહ્યું કે અમે હજુ અપહરણની માહિતીની પુષ્ટિ કરી રહ્યાં છીએ અને પોલીસકર્મીના પરિવારે તેમના કોઈ સંબંધીઓના ઘરે હોવાની વાત કહી છે આથી આ મુદ્દે તપાસ ચાલી રહી છે.

# રાજ્યની શાળાઓમાં ભૌતિક સુવિધા વધારવા સરકાર ઈચ્છુક

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે કહ્યું હતું કે રાજ્યના ગરીબ બાળકોના શિક્ષણની જવાબદારી સરકાર, શિક્ષક અને સમાજની છે. એટલે જ આ વખતે પાછલા વર્ષોની સરખામણીમાં સૌથી વધુ ૨૭ હજાર કરોડની ફાળવણી શિક્ષણ માટે કરવામાં આવી છે. શાળાઓમાં ભૌતિક સુવિધાઓ સાથે શિક્ષણની ગુણવત્તા વધે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

## જીવલેણ હુમલો...

● ત્રીજા પાનાનું ચાલુ

વિજયે રીક્ષા ઉભી રખાવી હતી અને તેનું ચેકિંગ કરવા પ્રયત્ન શરુ કર્યો હતો. આ રિક્ષામાં વિદેશી દારૂનો જથ્થો ભરેલ હતો અને દારૂની હેરાફેરી થઈ રહી હતી. આ રીક્ષામાં બુટલેગર ભુરી ઊર્ફે યોગેશ સહિત બે શખ્સો બેઠા હતા જ્યારે તેની આગળ તેનુ પાયલોટીંગ કરતી બીજી એક રિક્ષા હતી. જેમાં તેના જ ત્રણ સાગરિતો બેઠા હતા. કોન્સ્ટેબલ દારૂ ભરેલી રિક્ષા ઊભી રખાવી ચેકિંગ શરૂ કર્યું હોવાનું આગળ જતી રીક્ષાવાળાને ધ્યાને આવતા તે પણ ઉભા રહી ગયા હતા અને સાગરીતો બુટલેગર પાસે આવી ગયા હતા. દરમિયાન અંદર દારૂ ભરેલી રિક્ષામાં બેઠેલા અમદાવાદ રબારી કોલોનીમાં રહેતા રામરાજ્ય નગર વિસ્તારના બંને બુટલેગરો જયરામ કૈલાશ શામળીયા અને ભુરી ઉર્ફે યોગેશ મારવાડી ઉશ્કેરાઈને બહાર આવી ગયા હતા અને તેમની રીક્ષા ચેક કરી રહેલા કોન્સ્ટેબલ ઉપર ભૂરી ઉર્ફે યોગેશે ધારદાર છરો નીકળી હુમલો કરી દીધો હતો. કોન્સ્ટેબલ ઉપર પાંચ જેટલા ઘા ઝીંકી દીધા હતા તેની વચ્ચે પડેલા કોન્સ્ટેબલના મિત્રને પણ બુટલેગરોએ માર્યો હતો. બબાલ કરીને કોન્સ્ટેબલ પર હુમલો કરી બુટલેગર તેના સાગરીતો ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા કોન્સ્ટેબલને તાત્કાલિક એપોલો હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો. ઘટનાની જાણ પોલીસને થતાં એલસીબી એસઓજી અને ડભોડા પોલીસ સહિત જિલ્લા પોલીસ અધિક્ષક અને રેન્જ આઈ.જી પણ સ્થળ પર દોડી ગયા હતા. પોલીસે દારૂ ભરેલી રિક્ષા જપ્ત કરી લઈ ફરાર થઈ ગયેલા હુમલાખોરો અને તેના સાગરિતોને પકડવા ટીમો દોડતી કરી દીધી હતી. આખરે આ તમામ હુમલાખોરોને એલસીબીની ટીમે પકડી પાડીને ડભોડા પોલીસને સોંપી દીધા હતા. હુમલાખોરો સામે વિદેશી દારૂની હેરાફેરી ઉપરાંત સરકારી કર્મચારી ઉપર જીવલેણ હુમલો તથા કામગીરીમાં રૂકાવટ ઊભી કરવા સહિતના ગુના દાખલ કરીને તેમનું સઘન ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે.



જયા પાર્વતી વ્રત - ગૌરી વ્રતના પગલે યુવતીઓ દ્વારા જયા પાર્વતી વ્રત આરંભાયું છે... ગૌરી વ્રત કરતા થોડીક કઠીન નિતી-નિયમોવાળા વ્રતમાં રોજ સવારે ગૌપૂજન કરાય છે... છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતમાં ભરમાં કુંવારીકાઓ ગૌપૂજન કરી જયા પાર્વતીનું વ્રત રાખે છે...

# અસરગ્રસ્તો ખેડુતો ગાંધીનગરના જન્મદિનનો વિરોધ કરશે

**પાંચ દાયકાનો સમય વિતી જવા છતા ખેડુતોના પડતર પ્રશ્નોનો ઉકેલ ના આવતા સરકાર સામે વિરોધ પ્રગટ કરી સમાંતર ધ્વજવંદન કાર્યક્રમ કરશે**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરને પાંચ દાયકાનો સમય થઈ ગયો છે, છતા અસસગ્રસ્ત ખેડુતોના પ્રશ્નો આજે પણ અકબંધ છે. જમીન સંપાદનને વર્ષો વિતી ગયા હોવા છતા સરકાર સમક્ષ રજુ કરેલા પ્રશ્નોનું નિરાકરણ આવતું નથી.આથી અસરગ્રસ્ત ખેડુતોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે દરવર્ષે સરકાર અને શહેરના આગેવાનો તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા શહેરની વર્ષગાંઠ કેક કાપીને ઉજવણી કરે છે, પરંતુ આ દુખી ખેડુતોના પ્રશ્નોને વાચા આપતા નથી અને રસ પણ ધરાવતા નથી. ૨ ઓગસ્ટ શહેરના જન્મદિનની ઉજવણીના કાર્યક્રમનો અસરગ્રસ્ત ખેડુતો દ્વારા વિરોધ કરવામાં આવશે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લાના ૧૪ ગામના અસરગ્રસ્ત ખેડુતો અને તેમના પરિવારના સભ્યો દ્વારા ૧૫ ઓગસ્ટના દિવસે સરકાર સામે વિરોધ પ્રગટ કરી સમાંતર ધ્વજવંદનનો કાર્યક્રમ કોલવડા ગામ પાસે જીઆઈડીસી પ્લોટ નં-૧૯ ખાતે કરવામાં આવશે.

ગુજરાતનું પાટનગર બાંધવા માટે સરકાર દ્વારા ગાંધીનગર જિલ્લાના ૧૪ ગામની જમીન સંપાદન કરવામાં આવી છે. જેમાં કોલવડા, પેથાપુર, વાવોલ, લેકાવાડા, પાલજ, બાસણ, શાહપુર, ઈન્દ્રોડા, બોરીજ, ફતેપુરા, આદિવાડા, સરગાસરણ, હડમતીયા સહિતના ગામનો સમાવેશ થાય છે. તમામ ગામોની ખેતી લાયક ફળદ્રુપ જમીન સંપાદન કરી અસરગ્રસ્ત ખેડુતોને તેમજ વારસદારોને બેરોજગાર અને બેહાલ કરી મુક્યા છે. જેના બદલામાં જે તે સમયે સરકાર દ્વારા ખેડુતોને જમીનના બદલામાં પ્લોટ, દુકાન, નોકરી આપવામાં આવી હતી, પરંતુ સંયુકત ખાતેદારોમાં માત્ર એક જ વ્યકિતને લાભો આપવામાં આવેલા છે. જેથી બાકીના ખાતેદારોના વારસદારોના આંતરીક કલહને કારણે પુરતો લાભ મેળવી શક્યા નથી. આથી સંયુકત ખાતેદારોના તમામ વારસદારોને અસરગ્રસ્તના લાભો આપવા તેમજ જમીનના બદલામાં અન્ય ખેડાણ માટે જમીન આપવી તેવા સામુહીક ૧૫ જેટલા પ્રશ્નોની સરકારમાં વર્ષોથી રજુઆત કરી છે પરંતુ તે વર્ષોથી યથાવત સ્થિતિમાં પડતર પડ્યા છે. સરકારને અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા તંત્ર ના બહેરા કાને અસરગ્રસ્ત ખેડુતોની વેદના સંભળાતી નથી. જયારે ખેડુતોના પ્રશ્ને તંત્ર પણ આંખ આડા કાન કરી રહ્યું છે. જેથી અસરગ્રસ્ત ખેડુતોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. અસરગ્રસ્ત ખેડુતોની ફાઈલો એક ટેબલથી બીજા ટેબલ અને ત્રીજા ટેબલે ફરે છે, પરંતુ વર્ષો વીતી ગયા હોવા છતા યોગ્ય ન્યાય ખેડુતોને મળ્યો નથી.

# રાજ્યભરમાં પાણીપુરી પર પ્રતિબંધ નહીં : નીતિન પટેલ

**વડોદરામાં પ્રતિબંધ બાદ સ્પષ્ટતા કરવામાં આવી : પાણીપુરી પર કોઈપણ પ્રતિબંધ મૂકવો ગેરવાજબી લેખાય : અખાદ્ય ફુડ આઇટમ્સનું વેચાણ રોકવા સરકાર કટિબદ્ધ**

અમદાવાદ, તા.૨૮

વડોદરામાં પાણીપૂરી માટે ગંદા પાણી અને સડેલા બટાકાના ઉપયોગના પર્દાફાશ તેમ જ રોગચાળો ફાટી નીકળ્યા બાદ સમગ્ર વડોદરા શહેરમાં પાણીપૂરીની લારીઓ બંધ કરાવી દેવાતાં રાજયભરમાં ભારે ઉહાપોહ મચી ગયો હતો અને હવે સમગ્ર ગુજરાતમાં પાણીપૂરી પર પ્રતિબંધ આવી શકે છે તેવી અટકળો વહેતી થઈ હતી પરંતુ આ તમામ અફવા અને અટકળોને નકારતા આજે ખુદ રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સ્પષ્ટતા કરી હતી કે, રાજયમાં પાણીપૂરી કે પછી કોઈપણ ફુડ પર પ્રતિબંધ મૂકવાનો સરકારનો કોઈ ઈરાદો નથી. રાજયમાં પાણીપૂરી પર કોઈ પ્રતિબંધ નહી મૂકાય.

નીતિન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, કાયદાકીય રીતે કોઈ ફુડ આઈટમ પર પ્રતિબંધ મૂકવો શક્ય જ નથી. વળી, સ્ટ્રીટ



ફુડથી લાખો લોકોને રોજગારી મળતી હોવાથી સરકાર તેના પર પ્રતિબંધ મૂકવાનું વિચારી પણ ન શકે. જોકે, તેમણે એમ ચોક્કસ જણાવ્યું હતું કે, ફુડ આઈટમ્સને બનાવવા કે વેચાણ કરવામાં હાઈજીન મેઈન્ટેન ન કરનારા વેપારીઓ કે ફેરિયા સામે સખત કાર્યવાહી ચાલુ રહેશે. અલબત્ત, અખાદ્ય ફુડ આઈટમ્સનું વેચાણ રોકવા સરકાર કટિબધ્ધ છે. ઉલ્લેખનીય છે કે, વડોદરામાં રોગચાળો ફાટી નીકળ્યા બાદ તંત્ર દ્વારા પાણીપૂરીની લારીઓ બંધ કરાવી દેવાઈ છે, અને સ્ટ્રીટ ફુડ તેમજ દુકાનો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. વડોદરા ઉપરાંત, ગુજરાતના અમદાવાદ સહિતના મોટાભાગના શહેરોમાં પણ ફુડ આઈટમ્સનું વેચાણ કરતા ફેરિયા અને દુકાનદારો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે અને અખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવી રહ્યો છે.

ચોમાસામાં આમ પણ રોગચાળો માથું ઉંચકતો હોય છે, ત્યારે ફુડ આઈટમ્સ વેચવામાં ચોખ્ખાઈ ન રખાતી હોવાથી તેમજ તેને બનાવવામાં પણ હાઈજીન મેઈન્ટેન ન થતું હોવાથી કમળો, કોલેરા તેમજ ઝાડા-ઉલ્ટી જેવો રોગચાળો ફાટી નીકળવાની શક્યતા અનેકગણી વધી જાય છે. વડોદરા જેવું બીજા કોઈ શહેરોમાં ન થાય તે માટે સરકાર અત્યારથી જ ચેતી ગઈ છે. ફુડ આઈટમ્સનું વેચાણ કરવા માટે હેલ્થ વિભાગ પાસેથી લાઈસન્સ લેવું પડે છે.




"આજે રવિવાર છે તો પાછા પાણી-પુરી ખાવા ના પહોંચતા હો..!!"

"કેમ... કેમ... કેમ..?! શું થયું પાછુ પાણી-પુરીનું..?!"

"કેમ... જોયું નહી..?! વડોદરા અને રાજકોટમાં પાણી-પુરીના પાણીની બનાવટમાં કેવી ગરબડ પકડાઈ..! અને પેલા સડેલા બટેકા....પુરી બનાવવાની પ્રક્રિયા... કેવો ગંદવાડ... બાપ રે..!!"

"ઓ હો..! એટલે વડોદરામાં પાણી-પુરી પર પ્રતિબંધ મુકાયો... એમ જ ને..?!"

હાસ્તો..! આપણે ત્યાં તો રીવાજ છે કે 'ઘોડા નાસી જાય પછી તબેલાને તાળા મારીએ છીએ'... છીંડે ચડ્યો એ ચોર... બાકી તો બધુ..!!"

"...મને એક વાત તો સમજાવો, આજે નવી નવાઈની પાણી-પુરી બને છે... અને વડોદરામાં એકલામાં જ બને છે..! બધે જ આવું જ હોય છે..! બધે જ આટલી ગંદકી જ હોય છે... બધે જ બટાકા-ચણા સડેલા જ હોય છે... છતાંય બધુ ધમધોકાર ચાલે છે..! કારણ કોઈ ફરીયાદ કરતું નથી..!!"

"અરે..! જાગ્યા ત્યારથી સવાર... કોઈએ ધ્યાન દોર્યુ અને તંત્ર દોડતું થયું... એમાંય તમને વાંધો પડે છે... હવે બધેય ચકાસણી થશે..! અમારૂ તંત્ર લારીએ-લારીએ પહોંચશે... પણ એક વખત લાલ આંખ તો કરવી પડેને..?!"

"પણ સાહેબ..! બિચ્ચારી પાણી-પુરી એકલી જ કેમ દંડાય છે..?! બીજુ ઘણું બધું ચકાસવા જેવું છે... પાણી તો ચકાસોને ચકાસો જ પણ જાહેરમાં વેચાતી તમામ ખાદ્ય સામગ્રીઓ અને બનાવટો ચકાસવાનું જો નિયમિત કરશો, તો રોગચાળાના મૂળ સુધી પહોંચી શકાશે..!"

"હં...અ..! હવે તમે મુદ્દાની વાત કરી..! કોઈપણ ખાદ્ય બનાવટોના બનાવવાના અને વેચાણના સ્થળો પર સ્વચ્છતા ફરજિયાત રાખવી જોઈએ, અને રખાવવી પડશે..!"

"વિચાર ઉત્તમ છે..! પણ અમલ અઘરો છે..! સેંકડો સ્થાનો ઉપર ખુલ્લામાં વેચાતી ખાદ્ય બનાવટો ઉપર માખીઓ અને મચ્છરો સ્વતંત્રતાપૂર્વક વિહાર કરતાં જોવા મળે છે..! એ અટકાવવું પડશે..!!"

"અરે ભાઈ..! હું એ જ વાત કરવા જઈ રહ્યો છું..! સ્વચ્છતા ત્યાં પ્રભુતા..! માત્ર ખાદ્ય પદાર્થો કે બનાવટોની વાત નથી, દરેક જગ્યાએ સ્વચ્છતા અનિવાર્ય છે..!!"

"વાહ..! ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ બે મહિના બાદ આરંભવાની છે એની તૈયારી કરો છો કે શુ..?!"

"ના... ભાઈ...ના..!! પુજ્ય બાપુનો સંદેશ સો ટકા આજે પણ એટલો જ પ્રસ્તુત છે..! પણ મારે ઉમેરો કરવો છે કે, સ્વચ્છતા એક કામગીરી નહીં, એક અભિયાન નહીં... પણ સ્વચ્છતા સંસ્કાર બનવા જોઈએ..!!"

"તો-તો... એક કાંકરે બે પક્ષી..!!"

"હં..એં..!! સ્વચ્છતા પણ રહેશે ને સ્વસ્થતા પણ રહેશે..! સ્વચ્છ ભારત સ્વસ્થ ભારતનું સ્વપ્ન સાકાર થશે..! ખરૂને..?!"

"હા... સાહેબ... હા..!!"

# આર.ટી.ઓ.માં હવે પહેલીથી તમામ પેમેન્ટ ઓનલાઈન

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદ આરટીઓમાં તા.૧લી ઓગસ્ટથી વધુ એક નિર્ણયની અમલવારી થવા જઈ રહી છે. જે મુજબ, હવે તા.૧ ઓગસ્ટથી આરટીઓની ૧૨ પ્રકારની કામગીરી ઉપરાંત તેનું પેમેન્ટ પણ હવે રોકડથી નહીં, પરંતુ ફરજિયાત ઓનલાઈન કરવાની સીસ્ટમ અમલી બની રહી છે. નાગરિકો અને વાહનચાલકોએ પોતાના કોઈપણ કામ માટે આરટીઓ તંત્રને ફરજિયાતપણે ઓનલાઈન પેમેન્ટ જ કરવું પડશે. નવી સીસ્ટમની અમલવારીને લઇ તા.૩૦ અને ૩૧ જૂલાઈ દરમ્યાન નવા વાહનોના રજિસ્ટ્રેશનની કામગીરી બંધ રહેશે. બીજીબાજુ, ફરજિયાત ઓનલાઈન પેમેન્ટની નવી વ્યવસ્થાના કારણે હવે પછી નાગરિકોને કાઉન્ટરો પર લાંબી લાઈનમાં ઉભા રહેવામાંથી મુકિત મળશે તેવો આરટીઓ તંત્રએ દાવો કર્યો છે. જો કે, બીજીબાજુ, આરટીઓની કામગીરી સાથે સંકળાયેલા લોકોએ આ નિર્ણયની અમલવારી એટલી સરળ અને સહજ નહી હોવાના દાવો કરતાં જણાવ્યું કે, ઓનલાઇન પેમેન્ટ સ્વીકારવા બાબતે તેના સ્થળ, રિફંડ, સમગ્ર પ્રક્રિયા અથવા તો પધ્ધતિની ટેકનીકલ બાબતોને લઈ હજુ પણ સ્પષ્ટતા નથી, તેથી પબ્લીકને હેરાન થવાનો વારો આવવાનો છે તે નક્કી છે. આ અંગે અમદાવાદ મોટર ડ્રાઈવીંગ સ્કૂલ ઓનર્સ એસોસીએશનના મહામંત્રી રમેશભાઈ ગીડવાણીએ જણાવ્યું હતું કે, આરટીઓ સત્તાધીશોએ ઓનલાઈન પેમેન્ટની જાહેરાત કરી દીધી છે પરંતુ હજુ કેટલીક બાબતોમાં અસમંજસતા પ્રવર્તી રહી છે. ખાસ કરીને પોર્ટલમાં રિફંડની સુવિધા જ નહી હોવાથી તેને લઈ લોકોને ભારે હાલાકીનો ભોગ બનવુ પડે તેવી સ્થિતિ સર્જાશે. આ સિવાય ઘણી એવી બાબતો છે કે જેને લઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. કોઈપણ નવી સીસ્ટમને લાગુ કરતાં પહેલાં સત્તાધીશોએ પબ્લીકને ખાસ કરીને આરટીઓ સાથે જોડાયેલા નાગરિકો-વાહનચાલકોને આગોતરી જાણકારી મળી રહે અને તેમને નવી સીસ્ટમની પૂરેપૂરી ખબર થઈ જાય તેવું આગોતરૂ માળખું અને વ્યવસ્થાતંત્ર ગોઠવવું જોઈએ તેના બદલે દર વખતે આરટીઓ તંત્ર દ્વારા રાતોરાત જ કોઈપણ નિર્ણયની અમલવારી કરી દેવાય છે, જેને લઈ આમજનતા ભારે હાલાકી અને દ્વિધાનો ભોગ બનતી હોય છે.

## આફતનો વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારણે ૬૦ લોકોના મોત થયા છે. બીજી બાજુ દિલ્હીમાં યમુના નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. જેના પરિણામ સ્વરૂપે નીચાણવાળા વિસ્તારોમાં પુરનું સંકટ તોળાઈ રહ્યું છે. આજે શનિવારે સવારે ૧૧ વાગ્યે હથીનીકુંડ બેરેજમાંથી ૩૧૧૧૯૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યા બાદ નીચાણવાળા વિસ્તારોમાં પુરનો ખતરો તોળાઈ રહ્યો છે. ઉત્તરાખંડમાં પણ અનેક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ચુકી છે. ઉત્તરપ્રદેશના જુદા જુદા વિસ્તારમાં ૬૦ થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. સૌથી વધારે સહારનપુરમાં ૧૧ લોકોના મોત થયા છે. છેલ્લા બે દિવસમાં હજુ સુધી ૪૯ લોકોના મોત થઈ ચુક્યા છે. આગ્રા અને મેરઠમાં છ છ લોકોના મોત થયા છે. મેનપુરીમાં ૪, કાસગંજમાં ૩, બરેલી, બાગપત, બુલંદશહેરમાં બે બે લોકોના મોત થયા છે. કાનપુર, મથુરા, ગાઝીયાબાદ, હાફુડ, રાયબરેલી, જાલોન, જોનપુર, પ્રતાપગઢ, બાંદ્રા, ફિરોઝાબાદ, અમેઠી, કાનપુર અને મુજફ્ફરનગરમાં વરસાદ સંબંધિત બનાવોમાં એક એક લોકોના મોત થયા છે. રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તમામ જિલ્લાના ટોપના અધિકારોને એલર્ટ રહેવા માટે આદેશ જારી કર્યા છે. પુરગ્રસ્ત વિસ્તારોમાં કામગીરી હાથ ધરવા માટે પણ સૂચના આપી છે. હવામાન વિભાગનું કહેવું છે કે પૂર્વીય ઉત્તરપ્રદેશમાં હજુ પણ અતિ ભારે વરસાદ થઈ શકે છે. હરિયાણાના હથીનીકુંડમાંથી પાણી છોડવા અને સતત વરસાદના પરિણામ સ્વરૂપે યમુના નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ચુકી છે. યમુનામાં પાણીની સપાટી ૨૦૫.૦૬ મીટર સુધી પહોંચી ગઈ છે જે વર્તમાન પાણીની સપાટી જે ખતરાજનક સ્તર છે તેનાથી ૦.૨૩ મીટર વધારે છે. ઉત્તરાખંડમાં પણ અવિરત વરસાદ થઈ રહ્યો છે. મસુરીમાં સૌથી વધારે વરસાદ પડ્યો છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદના કારણે સરોવર અને નદી નાળાઓ છલકાઈ ગયા છે. રાજ્યના સરહદી જિલ્લા બાડમેરમાં ભારે વરસાદ થયો છે. જયપુરના શાહપુરામાં નદીમાંથી ડુબવાથી એકનુ મોત થયુ છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે રાજસ્થાનના ઉપથી વધારે જિલ્લામાં ભારે વરસાદ પડી શકે છે. વરસાદને લઈને એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે.

## મંત્રણામાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અપીલ કરવામાં આવી છે. મંત્રણા ટેબલ ઉપર તેમને લાવવા માટેના પ્રયાસો થવા જોઈએ. પીપીડી દ્વારા રમજાન દરમિયાન યુદ્ધ વિરામ માટે પહેલ કરવામાં આવી હતી. હવે હુર્રિયત માટે પણ આવી જ અપીલ કરવામાં આવે છે. જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા પીડીપીમાં ભાગલા પાડવાના પ્રયાસ થઈ રહ્યા છે. મહેબુબાએ હાલમાં જ કેન્દ્રને ચેતવણી આપતા કહ્યું હતું કે જો દિલ્હી ૧૯૮૭ની જેમ જ લોકોનાં મત અધિકારને આંચકી લેશે તો ખતરનાક પરિણામ આવશે. કેન્દ્ર સરકારના અગાઉના પ્રયાસોના લીધે જ સલાઉદ્દીન અને યાસીન મલિક જેવા કટ્ટરપંથીઓના જન્મ થયા હતા. જો પીડીપીને તોડવાના પ્રયાસ થશે તો આવાજ પરિણામ આવશે. પીડીપી સાથે ભાજપે છેડો ફાડી લીધા બાદ મહેબુબાએ આ મુજબની ચેતવણી આપી હતી. જમ્મુ-કાશ્મીરમાં ગઠબંધન સરકારને ટેકો બીજેપી દ્વારા પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. પીડીપી દ્વારા ભાજપના નામનો ઉલ્લેખ કર્યા વગર આ પ્રકારની ચેતવણી આપવામાં આવી હતી. બીજી બાજુ સલાઉદ્દીન અને યાસીન મલિક જેવા નેતાઓને વધારે મહત્વ આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

## નવરાત્રી વેકેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરના સેકટરોમાં શેરી ગરબા સહીત સંસ્થાકીય ગરબા મહોત્સવ પણ ધુમ મચાવે છે. ત્યારે ગરબે ઘુમનારા ખૈલેયાઓમાં નવરાત દરમિયાન શાળા કોલેજોમાં રજા રાખવાની માંગ ઉઠવા પામી હતી. જેથી ખૈલેયાઓ રાત્રિના મનભેર ગરબાની મજા માંણી શકે ગુજરાતનો સૌથી ચાહીતા અને શકિતની ભકિતની આરાધનાના આ પર્વમાં નાના મોટા સૌ કોઈ ગરબાની રંગતમાં જોડાય છે. ત્યારે સરકારના આ નિર્ણયને વિદ્યાર્થીઓ સહીત સૌ કોઈ ગરબારસિકોએ હરખથી આવકારી ખુશીની લાગણી વ્યકત કરી છે.

## ખેડૂતો ચિંતીત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવેતર થોડુક વધ્યુ છે. દિવેલાની વાવણીની કામગીરી પ્રમાણમાં હજુ ધીમી ચાલી રહી હોવાનું ખેડૂતોએ સ્વીકાર્યુ છે. આ ઉપરાંત કઠોળ પાકોમાં પણ વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે. પિયત ડાંગરના પાકમાં પણ ઓછુ વાવેતર થવા પામ્યુ છે.

જિલ્લામાં ઘાસચારાનું તેમજ શાકભાજીના પાકોના વાવેતરની સરેરાશ જળવાઈ રહેવા પામી છે. જે રીતે ચોમાસામાં વિલંબ થયો છે એટલે કદાચ ઘાસચારાના પાકોનું વાવેતર આગામી દિવસોમાં વધુ થશે તેમ મનાઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ જે વાવેતર થયુ છે તેમાં ગાંધીનગરમાં ૧૪૮૯૪ હેક્ટર, દહેગામમાં ૨૩,૫૫૮ હેક્ટરમાં, કલોલમાં ૫૯૯૦ હેક્ટરમાં અને માણસામાં ૧૭૭૧૦ હેક્ટરમાં વાવેતર થયુ છે. આમ કલોલ તાલુકામાં સૌથી ઓછુ વાવેતર થયુ છે.

જિલ્લામાં ડાંગરનું વાવેતર ૩૧૫૩ હેક્ટરમાં, બાજરીનું ૧૦૮૨ હેક્ટરમાં, તુવરનું ૨ હેક્ટરમાં, મગનું ૫૩૭ હેક્ટરમાં, અડદનું ૧૯૪ હેક્ટરમાં, મગફળીનું ૫૩૧૩ હેક્ટરમાં, દિવેલાનું ૮૩૩ હેક્ટરમાં, કપાસનું ૨૩,૯૮૦ હેક્ટરમાં, ગુવારનું ૨૧૧૧ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું ૭૨૪૬ હેક્ટરમાં તો ઘાસચારાનું વાવેતર ૧૭,૬૭૬ હેક્ટરમાં વાવેતર થયું છે.

આ વર્ષે જિલ્લામાં સરેરાશ વરસાદ ૧૪૪ મિ.મિ. ૨૬-૮-૧૮ સુધીનો નોંધાયો છે. આકાશી ખેતી પર જિલ્લાની ખેતી વધુ નભે છે ત્યારે વરસાદમાં થયેલા વિલંબ ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે અને એટલે જ ૫ હજાર હેક્ટર જેટલુ વાવેતર ઘટવા પામ્યુ છે તેમ ખેડૂતોનું કહેવુ છે.

## ડબલ થઈ ગયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયુ છે. મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગરમાં વરસાદની તીવ્ર ખેંચ છે ત્યારે આ ભાવ વધારો પશુપાલકો માટે અસહ્ય બન્યો છે.

બીજી તરફ જિલ્લા દુષ્કાળ વ્યવસ્થાપન સમિતિની મળેલ બેઠકમાં રજુ થયેલ વિગતો પ્રમાણે દૈનિક ૫૯૭ ક્વીન્ટલ ઘાસાચારો પશુધન માટે જિલ્લામાં જોઈએ અને જિલ્લામાં ઘાસચારાની પરિસ્થિતિ સારી હોવાનું જાણવા મળેલ છે. જોકે વરસાદ ખેંચાય તો તકલીફ પડી શકે તેવો ભય પણ વ્યક્ત થયો હતો.

## મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલું

હું તો માનું છું કે બ્રાહ્મણ એ કોઈ જ્ઞાતિ કે જાતિ નથી પણ એક કર્મ છે. એક ધર્મ છે જેને સૌ કોઈ અપનાવીને બ્રાહ્મણ બની શકે છે. બ્રાહ્મણત્વ એક સંસ્કાર છે જેને કોઈપણ મનુષ્ય એની આચારસંહિતા પાળીને, એના નીતિ નિયમો અપનાવીને, તપ ધ્યાન કરીને પ્રાપ્ત કરે શકે છે. શિક્ષણ આપે છે એ બ્રાહ્મણ છે, બ્રાહ્મણત્વ એ વિદ્વતા છે, સંયમ છે, જીવદયા છે, પ્રેમ છે, સદભાવ છે, સત્ય છે. સેવા છે. સમર્પણ છે, આવા ગુણો હોય એવો કોઈપણ મનુષ્ય બ્રાહ્મણ જ છે. જ્ઞાતિ-જાતિના ભેદભાવો તો મનુષ્યના સ્વભાવ, રહેણીકહેણી, વાણી વર્તન,વ્યવહાર અને સંસ્કાર જોઈને પાડવામાં આવ્યા છે. જે યુગોથી ચાલ્યા આવે છે. અને એ રીતે સૌની માનસિકતા પણ ઘડાઈ ગઈ છે. જ્યારે આપણે આપણી માનસિકતામાંથી મૂક્ત થઈશું ત્યારે જ આવા ભેદભાવો મટશે. અને આપણા દેશનો સાચો વિકાસ થશે. બાકી આપણા દેશને જ્ઞાતિ-જાતિમાં તોડીને, આંતરિક વિગ્રહો કરાવીને, અંદરોઅંદર લડાવીને, મરાવીને આપણા સૌના હિંદુત્વને ખતમ કરીને આપણને ગુલામ બનાવવા અનેક વિદેશી સત્તા રાહ જોઈને જ બેઠી છે જેમાંથી કોઈ કોઈ તો આપણી આસપાસ જ છે.

મિત્રો, આમ તો હું કોઈ જાતિ કે ધર્મમાં માનતો નથી. કેમ કે ઈશ્વરે પૃથ્વી ઉપરના પ્રત્યેક મનુષ્યને એક સરખી જ રીતે જન્મ આપ્યો છે. એક સરખુ જ સ્વરૂપ આપ્યું છે. તો આ બ્રાહ્મણત્વને સમજીએ અને આપણી અંદર પણ અન્ય જ્ઞાતિ – જાતિના ભેદભાવ, વેરઝેર અને પૂર્વગ્રહો દૂર કરીને આપણી અંદર રહેલા બ્રાહ્મણત્વને બહાર લાવીને આખા સમાજને અને દેશને શિક્ષિત, સંવેદનશીલ અને સંગઠિત બનાવીએ

અસ્તુ.

- 9426060601.india@gmail.com